ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૮ ટકા

ગાંધીનગર તાપમાન

# સે-૨૧ શાકભાજી માર્કેટમાં ખદબદતી ગંદકી

## શાકમાર્કેટમાં ગંદકી, દબાણના પ્રશ્ને જયોતિ મહિલા મંડળ દ્વારા મેયરને રજુઆત

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ સ્થિત શાકમાર્કેટ છેલ્લા ઘણા સમયથી ગંદકીમાં ગરકાવ થઈ ગયું છે. શાકમાર્કેટમાં યોગ્ય સફાઈના અભાવે શાકભાજીના ઓટલાની આસપાસ ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળે છે.શાકભાજી ખરીદી માટે આવતા ગ્રાહકોને એક ઓટલાથી બીજા ઓટલા સુધી પસાર થવુ પણ મુશ્કેલીરુપ બન્યું છે. ચોમાસાની સિઝન અને વરસાદી પાણીના ભરાવાને પગલે શાકમાર્કેટમાં નર્કાગાર જેવી સ્થિતિ ઉદભવે છે. વેપારીઓ દ્વારા બગડેલા શાકભાજીના પણ નજીકમાં જ ઢગલા કરવામાં આવતા અસહ્ય દુર્ગંધ અને મચ્છરો ઉત્પતિનું સ્થાન બને છે. ત્યારે મહાનગર પાલિકા તંત્ર દ્વારા શાકમાર્કેટમાં સફાઈ અંગે બેદરકારી દાખવતા હોવાનું ધ્યાને આવ્યું છે. શાકમાર્કેટમાં શાકભાજી ખરીદી માટે આવતા નાગરીકો પણ ગંદકીથી ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ત્યારે સે-૨૧ શાકમાર્કેટની ગંદકી તાત્કાલીક અસરથી દુર કરવા, ઓટલાની આસપાસ દબાણ કરીને બેસતા અન્ય દબાણકારોને હટાવવા જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડો. ચેતના બુચ દ્વારા મનપાના મેયરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરના નિર્માણ સમયથી સેકટર-૨૧ શાકમાર્કેટ મુખ્ય બજાર છે. ગાંધીનગરના રહેવાસીઓ મોટાભાગે સેકટર-૨૧માં શાકભાજી ખરીદવાનું પસંદ કરે છે. સવારથી સાંજ સુધી શાકભાજી ખરીદવા ગ્રાહકોની ભારે ભીડ રહે છે. ત્યારે શાકમાર્કેટમાં ચોતરફ અસહ્ય ગંદકીનું સામ્રાજય છે. વરસાદી પાણી માર્કેટની આજુબાજુ ભરાઈ રહેતા નાગરીકોના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. ખદબદતી ગંદકી ઓછી હોય તેમ વેપારીઓ દ્વારા તેમા કચરો ફેંકવામાં આવે છે. જેને પગેલ મચ્છરોનું ઉત્પાતિ સ્થાન પણ આ કચરાના ઢગ બની શકે છે. આ કચરાના ઢગ વચ્ચે ગૃહિણીઓને ક્યાં ચાલવુ તે મુખ્ય પ્રશ્ન હોય છે ત્યાં ઓટલાની આસપાસ અન્ય વેપારીઓ પણ પાથરણા પાથરી બેસી જતા ચાલવાની પણ જગ્યા રહેતી નથી. ત્યારે છેલ્લા ઘણા સમયથી સે-૨૧ શાકમાર્કેટમાં ગંદકી અને દબાણનો પ્રશ્ન નાગરીકોને સતાવી રહ્યો છે તેમ છતા તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવતા નથી. તો બીજીતરફ શાકબજારમાં ફરતા રોમિયો શાકભાજી ખરીદી માટે આવતી ગૃહિણીઓની છેડતી કરતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે.તો આ સમસ્યા અંગે યોગ્ય કરવા જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડો. ચેતના બુચ, નીરૂબેન નાયક, કોકિલાબેન નાયક, પૂર્વપ્રમુખ લત્તાબેન ચોકસી, હર્ષાબા ધાંધલ,સહિતના અગ્રણી મહિલાઓએ મનપાના કમિશનર ડી.એન.મોદી અને મેયર પ્રવિણભાઈ પટેલને લેખિત રજુઆત કરવામાં આવી છે.



# કૌશલ્ય લેડીઝ કલબની હાઉસીમાં મહિલાઓ ઉમટી પડી

## શહેરની ૨૫૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો : સ્પર્ધાની આવક ઝુંપડપટ્ટીમાં વસ્તી જરૂરિયાતમંદ વર્ગની કન્યાઓના કરિયાવર માટે વપરાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૧૨માં ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલમાં કૌશલ્ય લેડીઝ કલબ આયોજિત હાઉસી સ્પર્ધામાં શહેરની મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સે-૨૮ના બ્રહ્માકુમારીઝ કેન્દ્રના કૈલાશદીદીએ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધાની આવક ગરીબ દિકરીઓના કરિયાવર માટે વપરાવાની છે.

શહેરમાં ફકત મહિલાઓ માટે આયોજિત કૌશલ્ય લેડીઝ કલબની હાઉસી સ્પર્ધામાં આશરે ૨૫૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતાઓને તથા લકી ડ્રોના વિજેતાઓને મળીને આશરે ૪૫ જેટલા ઈનામોની કીટ જેમાં અંદાજે પોણા બે લાખના ઈનામોનો સમાવેશ થાય છે તેનું વિતરણ કરાયું હતું. હાઉસી સ્પર્ધામાં અંદાજે ૩૫ જેટલી મહિલા સ્પર્ધકોને ઈનામો પ્રાપ્ત થયા હતા. જેમાં ફુલ હાઉસી વિજેતાને અંદાજિત રૂ. ૩૦ હજારની કિંમતની કીટ પ્રાપ્ત થઈ હતી. જેમાં ઈન્ડકશન કુલર સહિતની ચીજ વસ્તુઓ સામેલ હતી. આ સિવાય અન્ય ક્રમાનુસાર વિજેતાઓને અંદાજે ૨૦ હજાર, ૧૫ હજારની કીટ અપાઈ હતી.




વિજેતા સ્પર્ધકને લઘુત્તમ ૪ હજારની કીટ અપાઈ હતી. હાઉસી સ્પર્ધા ઉપરાંત કાર્યક્રમમાં લકી ડ્રોનું પણ આયોજન કરાયું હતું. જેમાં ૧૦ નસીબદાર વિજેતાઓને ઈનામ પ્રાપ્ત થયા હતા.

કૌશલ્ય લેડીઝ કલબની હાઉસી સ્પર્ધામાં ઈનામોની કીટમાં વિવિધ હોટેલ્સ, રિસોર્ટના વાઉચર્સ, ગીફટ પેક, કિચન વેર, પેકેઝડ ફુડ કંપનીના ગીફટ પેક, મેટ્રેસીસ, પીલોઝ વગેરે જેવી અઢળક ચીજવસ્તુઓનો સમાવેશ કરાયો હતો. આ સાથે સ્પર્ધામાં કૌશલ્ય લેડીઝ કલબના સભ્યપદની નોંધણી પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે કલબના હર્ષાબેન પટેલ, ગીતાબેન ખુમાણ તથા વૈશાલી જોષી સહિતની મહિલાઓએ અગ્રણી હર્ષાબા ધાંધલની આગેવાનીમાં જહેમત ઉઠાવી હતી.

## @ગાંધીનગર

● લકુલેશ યોગ યુનિવર્સિટી દ્વારા સર્ટીફીકેટ કોર્ષ માટે નિઃશુલ્ક માર્ગદર્શન સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન પ્લોટ નં. ૫૧૯/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે આપવામાં આવશે.

## વાતવાતમાં

● સે-૬-એ તથા સે-૩ ન્યુ સહિત અનેક વિસ્તારોમાં હજુ પણ સ્ટ્રીટલાઈટો બંધ હોવાની ફરિયાદો જોવા મળી રહી છે. સ્ટ્રીટલાઈટ બંધ હોવાને કારણે હાલાકી ભોગવતા નાગરિકો ટોરેન્ટ પાવર દ્વારા આપવામાં આવેલ કમ્પ્લેઈન નંબર પર ફોન કરવા પ્રયાસ કરે છે પરંતુ છેલ્લા ત્રણેક દિવસથી આ નંબર પણ લાગતો નથી.

● ધો-૧૦ની એસએસસી બોર્ડની વર્ષ ૨૦૧૭ની પરીક્ષાના પરિણામમાં અનેક વિદ્યાર્થીઓને સંતોષ ના થતા ગુણ ચકાસણી માટે અરજી કરી હતી. આ વિદ્યાર્થીઓમાં જેમના ગુણમાં કોઈ ફેરફાર થતો નથી તેમની યાદી બોર્ડ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવી છે.

## ગુરૂપૂર્ણિમાએ અરવિંદ કેન્દ્ર ખાતે શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે તા. ૯મી જુલાઈ રવિવારના રોજ પવિત્ર ગુરૂપૂર્ણિમાના પર્વના શુભ અવસરે કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમ સાંજે ૫.૩૦ થી ૭.૩૦ દરમિયાન યોજાશે. જેમાં શાસ્ત્રીય ગાયન-તબલા વાદન અને બાંસુરી વાદન પ્રસ્તુત કરવામાં આવશે. આ પ્રસંગે અરવિંદ કેન્દ્રના સંગીત વર્ગોના સર્વે વિદ્યાર્થીઓ તથા શહેરના સંગીત રસીક શ્રોતાજનોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## એસસી-એસટી-ઓબીસી-લઘુમતી વર્ગના તેજસ્વી છાત્રોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની મેરા ભારત મહાન ફેન કલબ અને એસસી-એસટી-ઓબીસી-માઈનોરિટી એકતા સંગઠન સમિતિ દ્વારા શહેરના ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની વર્ષ ૨૦૧૭ની પરીક્ષામાં ૬ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર એસસી, એસટી, ઓબીસી તથા લઘુમતી કોમના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે. આ સન્માન કાર્યક્રમ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવશે. શહેરમાં એસ.સી., એસ.ટી., ઓબીસી તથા લઘુમતી વર્ગના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર તેજસ્વી છાત્રોએ આ કાર્યક્રમ માટે નિયત પ્રવેશ ફોર્મ ભરી નિયત સમય મર્યાદામાં માર્કશીટની નકલ સાથે પરત કરવા સંસ્થાએ જણાવ્યું છે. આ અંગે વિગતવાર માહિતી તથા પ્રવેશ ફોર્મ પ્રાપ્ત કરવા મગનભાઈ પરમાર ૯૯૨૫૮૧૧૩૩૮, કિરીટભાઈ પરેરા ૯૯૭૪૭૬૭૨૦૨, ઈશ્વરભાઈ દેસાઈ ૯૯૦૪૬૧૨૮૬૬ અથવા મુકેશભાઈ મારુ ૮૯૦૫૪૭૪૫૪૫ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# કુડાસણ મિયામી બ્લ્યુમાં ઇન્ફોસીટી પોલીસનો દરોડો : પોલીસનો ‘નીલ’ રીપોર્ટ

ગાંધીનગર, તા.૬

ન્યુ ગાંધીનગર કુડાસણ ખાતે આવેલા મિયામી બ્લ્યુમાં પહેલા હુક્કાબાર અને ડીસ્કોથેક ચાલતુ હતુ. સરકારે લાદેલા પ્રાતિબંધ બાદ આ સ્થળે અગાઉ એલ.સી.બીની રેઈડ પડી હતી ત્યારે હુક્કાઓ અને હુક્કામાં વપરાતા ફ્લેવર્સ પણ મળી આવ્યા હતા. ગુજરાત વિધાનસભાએ પસાર કરેલા હુક્કાબાર પર પ્રતિબંધ મુકવાનાં સુધારા વિધેયકને રાષ્ટ્રપતિએ મંજુરી આપી હતી. ફરિયાદોને આધારે ગઈ કાલે પણ ઈન્ફોસીટી પોલીસે આ સ્થળે દરોડો પાડ્યો હતો પરંતુ કાંઈ શંકાસ્પદ સામાન મળી આવ્યો ન હોવા અંગેનો નીલ રીપોર્ટ પોલીસે કર્યો છે.

કુડાસણ ખાતે આવેલી મિયામી બ્લ્યુમાં પહેલા હુક્કાબાર ચાલતો હતો. હુક્કાબાર અને ડીસ્કોથેક ધમધમાતો હતો ત્યારે તાજેતરમાં જ હુક્કાબાર પ્રતિબંધ સુધારા વિધેયક વિધાનસભામાં પસાર કરીને સરકારે હુક્કાબાર બંધ કરાવ્યા હતા. તે સમયે ગેરકાયદેસર હુક્કાબાર ચાલતુ હોવાની માહીતી આધારે ગાંધીનગર પોલીસે દરોડો પાડી મિયામી બ્લ્યુમાંથી હુક્કાઓ અને ફ્લેવરનો જથ્થો પકડ્યો હતો. ત્યાર બાદ હુક્કાબારનું પાટીયુ આ દુકાન પરથી ઉતારી દેવાયુ હતુ. તેમ છતા અંદર તો હુક્કાબાર ચાલતો હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી જે આધારે ઈન્ફોસીટી પોલીસે મિયામી બ્લ્યુમાં દરોડો પાડ્યો હતો અને અંદર તપાસ શરુ કરી હતી. જો કે પોલીસને રેઈડમાં કાંઈ શંકાસ્પદ મળ્યુ ન હોવાનું કહેવુ છે. જો કે પોલીસે રેકર્ડ જપ્ત કરી તેની તપાસ શરુ કરી છે. જો કે સીસીટીવી કેમેરા લગાડવા ફરજીયાત હોવા છતા કેમેરા ન હોવાનુ જાણવા મળ્યુ છે. આ બાબત શંકાઓ ઉપજાવી રહી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**રોહિતકુમાર ભાનુપ્રસાદ જોશી**
**શિક્ષક**

**ગાંધીનગર ગમે**

સ્વચ્છ રસ્તા, લીલીછમ ધરા, સર્વાંગી વિકાસના કાર્યક્રમો, પરસ્પર મદદકર્તા પ્રજાજનો અને સુંદરતાને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

આધ્યાત્મિક અને આધુનિક રંગે રંગાયેલા નગરજનોમાં પર્વોત્સવનો અનેરો ઉત્સાહ છે. કલા, સંસ્કૃતિ, શિક્ષણ પ્રત્યે લગાવ પણ છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સાહિત્ય સભા, પૅન્શનર મંડળ, કલા સંસ્થાઓ ગ્રો ફાઉન્ડેશન, જી ઈ કલબ, જ્ઞાતિ મંડળો, રૉટરી, લાયન્સ કલબ, પ્લગ-ઈન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, શાળા-મહાશાળા સંકુલો તથા ઉદ્યાન ક્રિડાંગણોમાં થતી અનેકવિધ પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા અભિયાન, દારૂ-ગુજારબંધી, કલા પ્રત્યે જાગૃતિ, ઊર્જાની બચત, ભાઈચારો, યુવા થનગનાટને વેગ, રાજકારણીઓના કાર્યક્રમોમાં પ્રજાને બાનમાં ન લેવાય, પુસ્તક પરબો, વૃક્ષારોપણ જેવી બાબતો ધ્યાનમાં લેવાય તે જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**

ઉપરોક્ત્ બધી જ પ્રવૃત્તિને વેગ આપવા સાથ, સહકાર અને જાગૃતિ માટે હું તૈયાર છું.



રાજયકક્ષાની અન્ડર-૧૪ રોલબોલ સ્પર્ધા તાજેતરમાં વડોદરા ખાતે યોજાઈ હતી. જેમાં ગર્લ્સ વિભાગમાં ગાંધીનગર ગ્રામ્ય ટીમ ચેમ્પિયન બની હતી. આ ટીમના કોચ ભાર્ગવ આહિરે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ટીમની તમામ સ્પર્ધક કુડાસણ ખાતેની સ્કૂલ ઓફ એચિવરની વિદ્યાર્થીનીઓ છે. ટીમમાં જીલ કાકડિયા, દેવાંશી પટેલ, જીયા પટેલ, હનીશા બથેજા, સાક્ષી પગદલ અને સાક્ષી ઠાકોરનો સમાવેશ કરાયો હતો.

# વાસણ ગામમાંથી ખુલ્લેઆમ જુગાર રમતા ચાર શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક આવેલા વાસણ ગામમાં પાણીની ટાંકી પાછળ ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા પેથાપુર પોલીસે મોડી સાંજે દરોડો પાડતા રોકડ તથા એક મોબાઈલ મળીને રૂ.૧૪ હજારના મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરી લઈને પેથાપુર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પી.એસ.આઈ વી.બી.દેસાઈની ટીમના ગઈ સાંજે બાતમી મળી હતી કે વાસણ ગામની સીમમાં પાણીની ટાંકી પાછળ ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે અને કેટલાક શકુનીઓ ટોળુ કરીને હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીને આધારે પેથાપુર પોલીસ સ્ટેશનની ટીમે વાસણીયા મહાદેવથી ઓળખાતા વાસણ ગામમાં બાતમી વાળા સ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસે ઉનાવાનાં નરેન્દ્ર નારણ પટેલ, હાર્દિક જયેશ મહેતા, ભરત અરજણ વાઘેલા અને ગાભા દેવા ઠાકોર મળી ચાર શખ્સોને પકડી પાડ્યા હતા. દાવ પરથી રોકડ રૂ. ૧૬૩૦, અને અંગ જડતીમાંથી રૂ.૯૧૯૦ અને મોબાઈલ મળી કુલ રૂ. ૧૪,૩૨૦ ના મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરી લઈ પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સ્થળે ચાલી રહેલો જુગાર કોઈ વ્યકિત ચલાવી રહ્યો હતો કે ચાર મિત્રો પોતાની રીતે જુગાર રમી રહ્યા હતા તેની પણ પુછપરછ ચલાવી છે.

## હજયાત્રા ૨૦૧૭માં રસી લેવા બાબત

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાંથી ૨૦૧૭માં જનાર હજયાત્રિકો માટે સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના તબીબી અધિક્ષકે રસી આપવાનો કાર્યક્રમ તા. ૧૧ અને ૧૩મી જુલાઈના સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન પી.પી. યુનિટ વિભાગ બાળકોની ઓ.પી.ડી. રૂમ નં. ૬ સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે નિયત કરવામાં આવેલ છે. તો તેનો લાભ લેવા દરેક હજયાત્રીનો જણાવાયું છે.

## રાયપુર ગામમાં ખોડિયાર મંદિર પાસે ખુલ્લેઆમ જુગાર રમતા ચાર ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક આવેલા રાયપુર ગામમાં આવેલા ખોડીયાર માતાજીના મંદિર સામે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા ડભોડા પોલીસે પાડી ચાર શખ્સોને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા. રોકડ, મોબાઈલો અને ત્રણ વાહનો મળીને રૂ.૮૫ હજારના મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરી લઈને ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પી.એસ.આઈ ડી.બી.વાળાને બાતમી મળી હતી કે રાયપુર ગામની સીમમાં આવેલા ખોડીયાર માતાજીના મંદિર આગળ ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીને આધારે ડભોડા પોલીસ સ્ટેશનની ટીમે રાયપુર ગામમાં બાતમી વાળા સ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે રેઈડ કરીને રાયપુર ગામમાં હરા વાળા વાસમાં રહેતા સંજય મનુ ઠાકોર, સુરેશ ચંદુ ઠાકોર, દશક્રોઈ તાલુકાનાં એણાસણ ગામનાં સુરજ રમેશ ઠાકોર અને નરોડાનાં ભરવાડ વાસનાં જીગ્નેશ ભીખા ઓડ મળી ચાર શખ્સોને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડ રૂ. ૧૨૦૫૦, બે નંગ મોબાઈલ અને ત્રણ વાહનો મળીને કુલ રૂ. ૮૪,૮૫૦ ના મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરી લઈ ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખેડૂતોના પ્રાણ પ્રશ્નોની ચર્ચા માટે આગામી દિવસોમાં ખેડૂતોની મીટીંગ

ગાંધીનગર, તા.૬

ગુજરાત રાજયના દરેક તાલુકાના ખેડૂતોને જણાવવાનું કે ગુજરાત ખેડૂત સંગઠનની રચના કરી ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા માટે તથા જરૂર પડે આગામી વિધાનસભા ચૂંટણી બાબતે વિગતે ચર્ચા કરવા માટે આગામી દિવસોમાં ખેડૂત સમાજની જનરલ બેઠક કરવા વિચારણા કરેલ છે. જાગૃત ખેડૂતોને માર્ગદર્શન-સલાહ-સૂચનો માટે ખેડૂત વિકાસ વિકાસ મંડળના પ્રમુખ લાલભાઈ પટેલ મો. ૯૬૩૮૯૪૯૮૨, ૯૯૭૪૫૨૫૬૨૮નો સંપર્ક કરવા રાજધાની અસરગ્રસ્ત કિસાન મંડળ ગાંધીનગરના પ્રમુખ લાલભાઈ બી. પટેલે જણાવેલ છે.

## એમ.પી.ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સાધનોનું વિતરણ




ગાંધીનગર, તા.૬

એમ.પી.ચૌધરી ટ્રસ્ટ, શિવ ડેવલપર્સ તથા ગાંધીનગર એજયુકેશન ફાઉન્ડેશન દ્વારા દર વર્ષની જેમ ૫૫ સરકારી પ્રાથમિક તથા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને સ્કુલબેગ, ફુલસ્કેપ ચોપડા, કંપાસબોક્ષ, કલરબોક્ષનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, મહેસાણા જિલ્લામાં છેલ્લા ૩ વર્ષથી વિતરણ કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લાના કોલવડાના ચામુંડાપુરા, ધોળાકુવા પ્રાથમિક શાળા, ઈન્દ્રોડા પ્રાથમિક શાળામાં કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમ એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગરના ચેરમેન મણીભાઈ ચૌધરીએ જણાવ્યું છે.

## ગોરા હનુમાનજી મંદિર કોલવડા ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૬

ગોરા હનુમાનજી મંદિર કોલવડા ખાતે તા. ૯-૭-૨૦૧૭ના રોજ ભવ્ય ગુરપૂર્ણિમા મહોત્સવ યોજાશે. જેમાં સવારે ૯ કલાકે ગુરૂપૂજન અને ગુરુ ગાન કરવામાં આવશે ત્યાર બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે તો ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં લાભ લેવા ધર્મપ્રેમી જનતાને ગોરા હનુમાનજી મંદિર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. ચંપાબેન મોતીલાલ રાણા, ઉ.વ. ૭૨
- સ્વ. શાંતાબેન હેમતાજી ઠાકોર, ઉ.વ. ૬૪